# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 8-8-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- સંસદમાં થયેલી ચર્ચા બાદ વક્ફ સુધારા ખરડો 2024ને સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરાયું.
- કેન્દ્ર સરકારે લોકસભામાં જણાવ્યું કે, વિવિધ પહેલના માધ્યમથી 20 કરોડ રોજગારની તકનું સર્જન થયું.
- વિદેશ મંત્રાલયે જણાવ્યું, ઢાકામાં ભારતીય હાઈ કમિશન બાંગ્લાદેશથી પરત ફરી રહેલા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે
- દેશમાં આવતીકાલથી હરઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થશે.
- પેરિસ ઑલિમ્પિક્સમાં ભારતીય હોકી ટીમે કાંસ્યચંદ્રક જીત્યો. ભારતીય કુસ્તીબાજ અમન શેરાવત 57 કિલો વજન ફ્રી સ્ટાઈલ કુસ્તી વર્ગની સેમિ-ફાઈનલમાં પહોંચ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## REV.  WAQF AMENDMENT BILL 2024

વક્ફ સુધારા ખરડો 2024ને સંયુક્ત સંસદીય સમિતિ પાસે રજૂ કરવામાં આવ્યો છે. લઘુમતી કાર્ય મંત્રી કિરેન રિજિજૂએ લોકસભામાં આ ખરડો રજૂ કરતા કહ્યું, સરકાર સૂચિત કાયદાની આગળની તપાસ માટે તૈયાર છે. કેન્દ્ર સરકાર પાસે આ ખરડા અંગે છૂપાવવા જેવું કંઈ નથી.

**(બાઈટ - કિરેન રિજિજૂ, કેન્દ્રીય મંત્રી)**

આ પહેલા શ્રી રિજિજૂએ કહ્યું, આ ખરડાનો ઉદ્દેશ્ય ધાર્મિક સંસ્થાઓની કામગીરીમાં હસ્તક્ષેપ કરવાનો નથી, પરંતુ તેનો ઉદ્દેશ્ય મુસ્લિમ સમુદાયના વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગને ન્યાય આપવાનો છે. તેમ જ રાજ્ય વકફ બૉર્ડની શક્તિ અને કામકાજની સાથે સાથે વકફ સંપત્તિઓની નોંધણી અને સરવે સંબંધિત મુદ્દાઓનું સમાધાન કરવાનો છે.

શ્રી રિજિજૂએ ઉંમેર્યું, આ કાયદો સચ્ચર સમિતિ અને અગાઉની સરકારોની વિવિધ સમિતિની ભલામણ મુજબ લવાયો છે. વકફ બૉર્ડના કામમાં ઘણી ખામી છે તેમ જ કેટલાક લોકોએ આ બૉર્ડ પર કબજો કરી લીધો છે. તેમણે કહ્યું, વકફ બૉર્ડ સંબંધિત લગભગ 12 હજાર કેસ પડતર છે અને આ ખરડામાં આવા કેસનો છ મહિનામાં નિકાલ કરવાની જોગવાઈ છે.

તેમણે વિપક્ષના આક્ષેપોને ફગાવતા કહ્યું, આ ખરડો લાવતા પહેલા હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કરાયો હતો. તેમણે કહ્યું કે, વક્ફ બોર્ડ ટ્રિબ્યૂનલમાં એક ન્યાયિક અને એક તકનીકી સભ્ય હશે.

આ ખરડાનો વિરોધ કરતા કૉંગ્રેસ, તૃણમૂલ કૉંગ્રેસ, સમાજવાદી પાર્ટી, DMK, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી – શરદ પવાર, વામ દળ અને અન્ય દળે આને સંવિધાન અને ધાર્મિક સ્વતંત્રતા વિરુદ્ધનું ગણાવ્યું હતું.

કૉંગ્રેસના સાંસદ કે. સી. વેણુગોપાલે કહ્યું કે, આ ખરડામાં વકફ બૉર્ડની પરિષદમાં બિન-મુસ્લિમને રાખવાની જોગવાઈ છે, જે આસ્થા અને ધર્મ પર હુમલો છે. તેમણે કહ્યું, આ ખરડો મહારાષ્ટ્ર અને હરિયાણામાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી ખોટા ઉદ્દેશ્ય સાથે લવાયો છે.

સમાજવાદી પાર્ટીના નેતા હબીબુલ્લાહે કહ્યું, વકફ એક ધાર્મિક મામલો છે અને આ ખરડા ધાર્મિક પ્રથામાં હસ્તક્ષેપ છે.

તૃણમૂલ કૉંગ્રેસના સંદીપ બંધોપાધ્યાયે આ ખરડાને ગેરબંધારણીય ગણાવ્યું. જ્યારે DMK સાંસદ કનિમોઝી કરૂણાનિધિએ પણ ખરડાનો વિરોધ દર્શાવ્યો.

શરદ પવાર જૂથની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીનાં સાંસદ સુપ્રિયા સુલેએ ખરડાને પરત લેવા અથવા તો આગળની તપાસ માટે તેને સ્થાયી સમિતિ સમક્ષ મોકલવા માગ કરી છે. AIMIMના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પણ આ ખરડાને ભેદભાવવાળું ગણાવ્યું હતું.

તો આ તરફ જનતાદળ યુનાઈટેડના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે આ તમામ આક્ષેપને ફગાવી દીધા હતા. તેમણે કહ્યું, વકફ બૉર્ડમાં પારદર્શકતા લાવવા માટે આ ખરડા લાવવામાં આવ્યું છે. તેમણે આક્ષેપ લગાવ્યો કે, વિપક્ષ આ ખરડા અંગે લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## LS EMPLOYMENT

કેન્દ્ર સરકારે આજે જણાવ્યું કે, ઉદ્યમ પૉર્ટલ, પીએમ વિશ્વકર્મા યોજના અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્ર અંતર્ગત વિવિધ પહેલના માધ્યમથી 20 કરોડ રોજગારની તકનું સર્જન થયું છે.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક પૂરક પ્રશ્નનો જવાબ આપતા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતનરામ માંઝીએ કહ્યું, મંત્રાલયના ઉદ્યમ પૉર્ટલ પર માત્ર ચાર કરોડ આઠ લાખ લોકોની નોંધણી થઈ છે.

શ્રી માંઝીએ કહ્યું, મંત્રાલયની ક્રેડિટ ગેરન્ટી યોજના, આત્મનિર્ભર યોજના અને અન્ય પહેલ અંતર્ગત દેશભરમાં રોજગારની તક વધારવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. તેમ જ રોજગારના નિર્માણ માટે મહિલાઓ અને યુવાનો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

## FOREIGN MINISTRY BANGLADESH

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ઢાકામાં ભારતીય હાઈ કમિશન બાંગ્લાદેશથી પરત ફરી રહેલા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે. શ્રી જયસ્વાલે કહ્યું, નવ હજાર વિદ્યાર્થી સહિત 19 હજાર ભારતીય નાગરિક હાલમાં બાંગ્લાદેશમાં છે. ભારતીય નાગરિકોની સલામતી જાળવવા માટે સરકાર હાઈ કમિશનના સતત સંપર્કમાં છે.

શ્રી જયસ્વાલે બાંગ્લાદેશમાં સામાન્ય સ્થિતિ પૂર્વવત્ થવાની આશા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું, સરકાર બાંગ્લાદેશમાં લઘુમતીઓની સ્થિતિ સહિત તમામ પરિસ્થિતિઓ પર નજીકથી નજર રાખી રહી છે. બાંગ્લાદેશનાં પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ભારત આવવાની મંજૂરી ટૂંકી સૂચના પર અપાઈ હોવાની પણ વાત તેમણે કહી હતી.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## RS NUCLEAR

સરકારે આજે કહ્યું, પરમાણુ ઊર્જામાં આત્મનિર્ભર બનવા માટે દેશ સતત પ્રયાસ કરી રહ્યો છે. રાજ્યસભામાં લેખિત જવાબમાં પ્રધાનમંત્રી કાર્યાલયના રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું કે, ભારતે પરમાણુ અને ઈંધણ તકનીકીમાં વ્યાપક ક્ષમતા હાંસલ કરી છે. તેમણે ઉંમેર્યું કે, નિર્માણાધીન પરિયોજનાઓને યોગ્ય સમયે પૂર્ણ થવા અને મંજૂરી મળવા અંગે વર્તમાન સ્થાપિત પરમાણુ ઊર્જા ક્ષમતા 2031-32 સુધી 8 હજાર 180 મેગાવૉટથી વધી 22 હજાર 480 મેગાવૉટ થઈ જશે.

એક પ્રશ્નનો જવાબ આપતા ડૉ. સિંહે કહ્યું, આ ઉપરાંત 7 હજાર 300 મેગાવૉટની કુલ ક્ષમતા ધરાવતા વધુ નવ રિએક્ટર નિર્માણાધીન શરૂ થઈ રહ્યા છે. તેમ જ વધુ સાત હજાર મેગાવૉટની ક્ષમતા ધરાવતા 10 રિએક્ટરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે.

## LS-VAYUYAN BILL

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ આજે લોકસભામાં ભારતીય વાયુયાન ખરડો 2024 રજૂ કર્યો હતો. ખરડાની રજૂઆત કરતી વખતે મંત્રીએ કહ્યું કે, એરક્રાફ્ટ એક્ટ 1934માં લાવવામાં આવ્યો હતો અને વર્ષોથી તેમાં ઘણા સુધારા કરાયા. તેમણે કહ્યું કે કેટલાંક સુધારાઓમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન અને બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી જેવી આંતરિક સંસ્થાઓની કામગીરીના સંદર્ભમાં ઘણી અસ્પષ્ટતા અને વિરોધાભાસ છે. તેમણે કહ્યું આ મૂંઝવણ અને વિરોધાભાસ દૂર કરવા માટે ભારતીય વાયુયાન વિધાયક રજૂ કરાયું છે..

ખરડામાં કેન્દ્ર સરકારને કોઈપણ એરક્રાફ્ટ અથવા એરક્રાફ્ટના વર્ગ માટે અને એરક્રાફ્ટ ઓપરેશન્સની સલામતી માટે નિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે. આ ખરડાનો હેતુ હવાઈ અકસ્માત અથવા ઘટનાની તપાસ માટે નિયમો બનાવવા માટે સરકારને સત્તા આપવાનો છે

## HAR GHAR TIRANGA

દેશમાં આવતીકાલથી હરઘર તિરંગા અભિયાનનો પ્રારંભ થશે. નવી દિલ્હીમાં સંવાદદાતા સંમેલનમાં સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે લોકોને અનુરોધ કર્યો કે, દેશવાસીઓ પોતાના ઘરે ત્રિરંગો લહેરાવી તેની સાથેની સેલ્ફી હરઘર તિરંગા વેબસાઈટ પર અપલોડ કરે.

તેમણે કહ્યું, આ અભિયાન દરમિયાન દેશભરમાં 200થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. તેમણે કહ્યું, 13 ઑગસ્ટે સાંસદો અને મંત્રી તિરંગા બાઈક રેલી યોજશે.

## RS OLYMPICS 2036

ભારતીય ઑલિમ્પિક સંઘે વર્ષ 2036માં ભારતના યજમાનપદે યોજાનારી ઑલિમ્પિક્સ રમત અંગે ફ્યૂચર હૉસ્ટ કમિશન – FHC સાથે સંવાદ પ્રક્રિયા શરૂ કરી છે. રાજ્યસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું કે, FHC એ આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિની સાથે યજમાન પસંદગીની પ્રક્રિયા કરવા માટે સમર્પિત સંસ્થા છે. શ્રી માંડવિયાએ ઉંમેર્યું કે, દેશભરમાં રમતગમતની વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવા રમતગમતના આંતરમાળખામાં વધારો કરવો એ સતત પ્રક્રિયા છે.

## WEST BENGAL FORMER CM DEMISE

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું આજે 80 વર્ષની વયે કોલકતા ખાતે નિધન થયું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયાના સંદેશમાં જણાવ્યું કે, શ્રી ભટ્ટાચાર્યએ રાજ્યની ખૂબ પ્રતિબદ્ધતા સાથે સેવા કરી હતી.

શ્રી ભટ્ટાચાર્યજીનું 80 વર્ષની વયે દક્ષિણ કોલકાતાના તેમના નિવાસસ્થાને બીમારીઓને કારણે અવસાન થયું છે.

## RAJNATH SINGH MET MANU BHAKER

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ઑલિમ્પિક ચંદ્રક વિજેતા અને ભારતીય શૂટર મનુ ભાકર સાથે મુલાકાત કરી શુભેચ્છા પાઠવી. શ્રી સિંહે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, મનુ ભાકરે પેરિસ ઑલિમ્પિકમાં દેશ માટે બે કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. તેમણે ઉમેર્યું કે, દરેક ભારતીય તેમના આ પ્રદર્શનથી ખૂબ

ઉત્સાહિત છે. મંત્રીશ્રીએ તેમના આગામી રમત પ્રદર્શન માટે પણ તેમને શુભેચ્છા પાઠવી હતી.

## MODI SARKAR RAILWAY BUDGET

રેલવેના પ્રવાસીઓની સલામતી એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારની પ્રાથમિકતા છે. રેલવેની સલામતી પર ધ્યાન વધારવામાં આવ્યું છે. સામાન્ય અંદાજપત્રમાં ટ્રેનોની સાથે પ્રવાસીઓની સલામતી પર પણ સૌથી વધારે કુલ અંદાજપત્રને 40 ટકા જેટલો ખર્ચ નક્કી કરાયો છે.

હવે 10 હજાર કિલોમીટર રેલવે ટ્રેક પર કવચ લગાવાશે. તેમ જ સંકેત પ્રણાલીમાં ફેરફાર, નવી તકનીક, ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવા પર ભાર અપાશે. નવા ટ્રેક અને ડબલ ગેજ રેલવે પાટાના નિર્માણ ઉપર 75 હજાર કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે વર્ષ 2024-25ના અંદાજપત્રમાં રેલવેને મૂડી ખર્ચ માટે 2 લાખ 62 હજાર 200 કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ અંદાજપત્રમાંથી 1 લાખ 8 હજાર કરોડ રૂપિયા માત્ર સુરક્ષા વ્યવસ્થાપન પાછળ ખર્ચાશે.

## JAPAN EARTHQUAKE

જાપાનમાં આજે 7.1 તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. જાપાનનાહવામાન વિભાગે દેશના દરિયાકાંઠાના વિસ્તાર માટે ત્સુનામીની ચેતવણી જાહેર કરી છે.જોકે, આ ભૂકંપમાં કોઈ જાનહાની કે નુકસાનના કોઈ સમાચાર નથી.

## RS PRISONERS

સંસદમાં સરકારે જણાવ્યું કે, વિદેશમાં રહેતા ભારતીયોની સાથે સાથે ત્યાંની જેલમાં બંધ કેદીઓની સલામતી પણ અમારી પ્રાથમિકતા છે. રાજ્યસભામાં વિદેશ રાજ્યમંત્રી કિર્તીવર્ધન સિંહે લેખિત જવાબમાં કહ્યું, હાલમાં 9 હજાર 728

ભારતીય કેદી વિદેશની જેલમાં બંધ છે. આમાંથી સૌથી વધુ 2 હજાર 594 કેદી સાઉદી અરબમાં છે. જ્યારે સંયુક્ત અરબ અમીરાતમાં 2 હજાર 308, નેપાળમાં 5 હજાર 282 કેદી છે.

આંકડાઓ મુજબ, છેલ્લા 10 વર્ષમાં લગભગ 125 ભારતીય કેદીઓને વિદેશમાં મૃત્યુદંડની સજા થઈ છે.

## HOCKEY

પેરિસ ઓલિમ્પિકમાં ભારતે  સ્પેનને 2-1થી હરાવી હોકીમાં કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. ભારતે સતત ચોથી વખત કાંસ્યચંદ્રક જીત્યો છે. આજની મેચ અત્યંત રસાકસીભરી રહી હતી.. મેચની શરૂઆતમાં ભારત પાછળ રહ્યું હતું પરંતુ કેપ્ટન હરમનપ્રિત સિંહે બે પેનલ્ટી કોર્નર પર ગોલ કરતાં ભારતે મેચ જીતી લીધી હતી.

પેરિસ ઑલિમ્પિક્સમાં ભારતીય કુસ્તીબાજ અમન શેરાવત 57 કિલો વજન ફ્રી સ્ટાઈલ કુસ્તી વર્ગની સેમિ-ફાઈનલમાં પહોંચ્યા છે. તેમણે આ સ્પર્ધામાં અલ્બેનિયાના ઝેલિમખાન અબાકારોવને 12 શૂન્યથી હરાવી દીધા છે. શ્રી શેરાવત મેસેડોનિયન પ્રતિસ્પર્ધીને હરાવ્યા પછી ઝેલિમખાનને પણ હરાવી સ્પર્ધાના છેલ્લા ચારમાં સ્થાન મેળવ્યું છે.

ભારતીય ખેલાડી નીરજ ચોપરા ભારતીય સમય અનુસાર આજે રાત્રે 11 વાગ્યાને 55 મિનિટે ભાલા ફેંકની ફાઈનલ રમવા મેદાને ઉતરશે.

જ્યોતિ યારાજી 100 મીટર હર્ડલ્સના રિપેચેજ રાઉન્ડ હીટ વનમાં ચોથા સ્થાને રહ્યાં હતાં. તેમણે 13.17 સેકેન્ડમાં રેસ પૂર્ણ કરી, પરંતુ સેમિ-ફાઈનલમાં પહોંચવામાં સફળ ન થયાં.